એપ્રિલમાં નિકાસમાં ૧૪ ટકા ઘટાડો

નવી દિલ્હી,તા. ૧૬

આર્થિક વિકાસ અંગે નવેસરની ચિંતાને લઈને ફરી એકવાર ચર્ચા વિચારણાનો દોર શરૂ થયો છે. કારણ કે ભારતની નિકાસ એપ્રિલ મહિનામાં ૧૪ ટકા ઘટીને ૨૨ અબજ ડોલર સુધી પહોંચી ગઈ છે. પેટ્રોલિયમ, જેમ્સ એન્ડ જ્વેલરી સીપમેન્ટમાં ઉલ્લેખનીયરીતે ઘટાડો થયો છે. સતત પાંચમાં મહિનામાં ઉલ્લેખનીય ઘટાડો થયોછે. નિકાસમાં ઘટાડો વૈશ્વિક મંદીના કારણે પણ નોંધાયો છે. ક્રૂડ, મેટલ અને કોમોડિટીની કિંમતોમાં ઘટાડો થયો છે. એપ્રિલ ૨૦૧૪માં દેશની નિકાસ ૨૫.૬૩ અબજ ડોલર રહ્યું હતું. છેલ્લી વખતે નિકાસ ગયા વર્ષે નવેમ્બરમાં હકારાત્મક નોંધાયા બાદથી તેમાં સતત ઘટાડો થયો છે. તે વર્ષે ૭.૨૭ ટકાનો વધારો નિકાસમાં થયો હતો. પેટ્રોલિયમ પ્રોડક્ટ, જેમ્સ એન્ડ જ્વેલરી, મેડમેનયાર્ડ, ફેબ્રીક્સમાં એપ્રિલ મહિનામાં નકારાત્મક ઘટાડો થયો છે. ક્રૂડ અને મેટલની કિંમતમાં ઘટાડો થયો છે. ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. આયાતમાં પણ ૭.૪૮ ટકાનો ઘટાડો થતાં આ આંકડો ૩૩ અબજ ડોલર થયો જેથી સમીક્ષા હેઠળના ગાળા દરમિયાન મહિનામાં વેપાર ખાધનો આંકડો ૧૧ અબજ ડોલર સુધી પહોંચી ગયો છે. તેલની આયાતમાં પણ એપ્રિલ મહિના દરમિયાન ૪૨.૬૫ ટકાનો ઘટાડો થયોછે જેથી આંકડો ૭.૪૪ અબજ ડોલર થઈ ગયો છે. નોન ઓઈલ ઈન્પોર્ટનો આંકડો ૧૨.૫૮ ટકા સુધી વધીને ૨૫.૬ અબજ ડોલર થયો છે. સોનાની આયાતમાં ૭૮.૩૩ ટકાનો વધારો થયો છે જેથી આંકડો ૩.૧૩ અબજ ડોલર થયો છે જે સમીક્ષા હેઠળના મહિનામાં ૧.૭૫ અબજ રહ્યો હતો. માર્ચ મહિનામાં દેશની નિકાસ ૨૧ ટકા સુધી ઘટી હતી. છેલ્લા છ વર્ષમાં સૌથી મોટો ઘટાડો નોંધાયો હતો. ભારત વર્ષ ૨૦૧૪-૧૫ માટે ૩૪૦ અબજ ડોલરના વાર્ષિક નિકાસના લક્ષ્યાંકને ચુકી ગયું હતું. ગયા વર્ષે નિકાસનો આંકડો ૩૧૦.૫ અબજ ડોલર રહ્યો હતો.

સોનાની આયાતમાં ૭૮.૩૩ ટકા વધારો

નવીદિલ્હી,તા. ૧૬

એપ્રિલ મહિનામાં સોનાની આયાતમાં ૭૮.૩૩ ટકાનો ઉલ્લેખનીય વધારો નોંધાયો છે. આની સાથે જ સોનાની

આયાત વધીને ૩.૧૩ અબજ ડોલર સુધી પહોંચી ગઈ છે. સમીક્ષા હેઠળના મહિનામાં સોનાની આયાત ૧.૭૫ અબજ ડોલરની સામે ૩.૧૩ અબજ ડોલર થઈ છે. સોનાની આયાતની સાથે સાથે નોન ઓઈલ ઈમ્પોર્ટમાં પણ ૧૨.૫૮ ટકાનો ઉલ્લેખનીય વધારો થયો છે જેથી આ આંકડો વધીને ૨૫.૬ અબજ ડોલર થઈ ગયો છે. વાણિજ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા નવેસરના આંકડામાં આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી.

ચીનની ઐતિહાસિક યાત્રા સમેટી નરેન્દ્ર મોદી મોંગોલિયામાં

ભારત-ચીન કંપનીઓની વચ્ચે ૨૬ સમજૂતિઓ પર હસ્તાક્ષર

શાંઘાઈ,તા. ૧૬

ચીનના ઐતિહાસિક અને સીમાચિહ્નરૂપી પ્રવાસે પહોંચ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ચીનની યાત્રાને સમેટી લીધી હતી. યાત્રાને સમેટી લેતા પહેલા મોદીએ ત્રીજા અને અંતિમ દિવસે વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપી હતી. ચીન યાત્રાના ત્રીજા દિવસે મોદી શંઘાઈમાં છવાયેલા રહ્યા હતા. શંઘાઈમાં આજે ૨૨ અબજ ડોલરની કિંમતની ભારત અને ચીન વચ્ચે ૨૬ સમજૂતિ કરી હતી જેમાં અદાણી ગ્રુપ, ભારતી એરટેલ અને વેલ્સસ્પુન સહિતની સમજૂતિઓનો સમાવેશ થાય છે. આ સમજૂતિઓ ઉદ્યોગ જગત સાથે જોડાયેલી છે. રિનેવેબલ એનર્જી, પાવર, સ્ટીલ, નના અને મધ્યમ ઉદ્યોગસાહસિકો વચ્ચેની સમજૂતિનો સમાવેશ થાય છે. જુદી જુદી કંપનીઓ વચ્ચે આ સમજૂતિ થઈ હતી. મોદીએ આજે વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપી હતી જેમાં સૌથી પહેલા ચીનના સીઈઓ સાથે વાતચીત કરી હતી. ત્યારબાદ ભારત ચાઈના બિઝનેસ ફોરમમાં હાજરી આપી હતી. ત્યારબાદ ફુદાન યુનિવર્સિટીમાં પહોંચ્યા હતા. છેલ્લે ભારતીય સમુદાયના લોકોને સંબોધન કરવા માટે પણ પહોંચ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે બીજા દિવસે મોદીએ ખૂબ જ સાનુકુળ માહોલમાં ચીની વડાપ્રધાન લી કિંવગ સાથે શિખર મંત્રણા કરી હતી. શિખર મંત્રણા દરમિયાન કુલ ૨૪ સમજુતી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. જેમાં અમદાવાદ-ગાંધીનગર ગુજરાતના મહાત્મા ગાંધી નેશનલ ઈન્સ્ટીટ્યુટ ફોર સ્કીલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટરપ્રેન્યરશિપ સ્થાપિત કરવામાં સહકાર કરવા એક્શન પ્લાન બનાવવા ઉપર પણ સહમતિ થઈ હતી. ૧૦ અબજ ડોલરની કિંમતની ૨૪ સમજૂતિઓ કરવામાં આવી હતી. બેજિંગમાં બન્ને નેતાઓ વચ્ચે થયેલી વાતચીતમાં

સરહદી સંબંધી મામલા, મુડીરોકાણ અને જુદા જુદા ક્ષેત્રોમાં સહકાર વધારવા પર ચર્ચા કરવામાં આવી હતી. ચીની યાત્રાના બીજા દિવસે મોદી બેજિંગ પહોંચ્યા બાદ તેમનુ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુ. ગ્રેટ હોલ ઓફ પીપલમાં તેમનુ શાહી રીતે સ્વાગત કરવામાં આવ્યું હતુ. સૌથી પહેલા તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામા આવ્યું હતુ. ત્યારબાદ લી અને મોદી વચ્ચે ચર્ચા શરૂ થઈ હતી. રેલવે, એજ્યુકેશન, સ્પેસ, સ્કિલ ડેવલપમેન્ટ જેવા જુદા જુદા ક્ષેત્રોમાં વાતચીત થઈ હતી. મોદીએ બીજા દિવસે વાતચીત કરી હતી. મોદીએ બેજિંગમાં લી સાથે જુદા જુદા કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. લી સાથે જુદા જુદા વિસ્તારની મુલાકાત લીધી હતી. આ ગાળા દમરિયાન હળવાશની પળો પણ માણવામાં આવી હતી. મોદીએ ચીની વડાપ્રધાન સાથે સેલ્ફી પડાવી હતી.

વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી. યોગાના મહત્વ અંગે વાત કરી હતી. હેવન મંદિરની મુલાકાત લીધી હતી. સાથે સાથે શિન્હુઆ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ પણ આપ્યા હતા. યાત્રાના પ્રથમ દિવસે મોદીએ ચીની પ્રમુખ ઝિનપિંગ સાથે પાંચ કલાક વાતચીત કરી હતી. ગુરૂવારે મોદી અને ઝિનપિંગ વચ્ચે વાતચીત થયા બાદ બૌદ્ધ ધર્મને લોકપ્રિય બનાવવામાં સંત જુઆન જાંગના યોગદાનની સ્મૃતિમાં બનાવવામાં આવેલા છઠ્ઠી સદીના વાઈલ્ડ ગૂજ પૈગોડા ખાતે પણ પહોંચ્યા હતા. શિઆન પહોંચ્યા બાદ તેઓએ ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ સ્તરની મંત્રણા પણ યોજી હતી.

ભારતમાં મૂડીરોકાણ કરવા ચીની કંપનીઓને અનુરોધ

શાંઘાઈ,તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે અલીબાબાના જેકમાં સહિત ટોપ ચીની કંપનીઓના સીઈઓ સાથે વાતચીત કરી હતી. સાથે સાથે મેઈક ઈન ઈન્ડિયા પહેલમાં મોટાપાયે ભાગ લેવા ચીની કંપનીઓને આમંત્રણ આપ્યું હતું. મોદીએ મોટાપાયે રોકાણ કરવા માટે પણ આમંત્રણ આપ્યું હતું. વિદેશ મંત્રાલયના પ્રવક્તા વિકાસ સ્વરુપે મોડેથી ટ્વિટર ઉપર વડાપ્રધાન અને સીઈઓ વચ્ચે થયેલી વાતચીતની માહિતી આપી હતી. વિકાસ સ્વરુપે કહ્યું હતું કે, એક છત્ર હેઠળ ખર્વ ડોલરની વાત કરવામાં આવી હતી. ચીની કંપનીઓના સીઈઓ સાથે ખુબ જ સાનુકુળ માહોલમાં વાત થઈ હતી. મોદીએ ચીની કંપનીઓના વડાઓને ભારતમાં રોકાણ કરવા કહ્યું હતું. ચીની બિઝનેસમેનોએ પણ કેન્દ્રમાં વડાપ્રધાન

નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં હાથ ધરવામાં આવેલી વિવિધ યોજનાઓમાં ભાગ લેવા ઈચ્છા વ્યક્ત કરી હતી. જેકમાએ વડાપ્રધાન મોદીને કહ્યું હતું કે, અમે ભારતને લઈને ઉત્સુક છીએ. મેક ઈન ઈન્ડિયા અને ડિજિટલ ઈન્ડિયાને લઈને ઉત્સુક છીએ. અન્ય ટ્વિટમાં ચીની કંપનીના અન્ય એક વડાએ કહ્યું હતું કે, ભારતને લઈને અમે આશાવાદી છીએ. ભારત દ્વારા ડાયનેમિક વર્કફોર્સ અને વિશાળ માર્કેટ આપી રહ્યા છે.

મોદીએ પાંચ એફ ફોર્મ્યુલામાં ભાગ લેવા તેમને આમંત્રણ આપ્યું હતું.જેમાં ફાર્મથી લઈને ફાઈબર અને ફાઈબરથી લઈને ફેશન, ફેશનથી લઈને ફોરેન સુધીની વાત કરી હતી. મેક ઈન ઈન્ડિયામાં ભાગ લેવા અન્ય કંપનીઓએ પણ વાત કરી હતી. ભારતમાં રોકાણ કરવા અન્ય ઘણી કંપનીઓના વડાઓએ પણ તૈયારી બતાવી હતી. હુવાવેઈના સીઈઓ સહિત અન્ય કંપનીઓના વડાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. શાંઘાઈ મોદીના પ્રવાસનો અંતિમ તબક્કો રહ્યો હતો. મોદીએ સીઈઓ સમક્ષ ભારતની યોજના અને રોકાણના ચિત્ર અંગે વાત કરી હતી. ત્યારબાદ મોદી ઈન્ડિયા-ચાઈના બિઝનેસ ફોરમમાં પહોંચ્યા હતા. જ્યાં મોદીએ સંબોધન પણ કર્યુ હતુ. મોદીએ અહીં કહ્યું હતું કે તેમની યાત્રાના શાનદાર પરિણામ આવશે. મોદીએ એમ પણ કહ્યુ હતું. કે અમારી સંસદમાં ટુંક સમયમાં અમે જીએસટી બલ રજૂ કરીશુ. માર્ગો માટે ઓલટાઅમ હાઈ ફાળવણી કરવામાં આવી છે. મોદીએ કહ્યું હતું કે અમારા યુવાનો માટે મોટા પાયે રોજગારીની તકો ઉભી કરવા માટે પ્રયાસ થઈ રહ્યા છે. ભારતમાં અમે ચીજો બનાવવા માંગીએ છીએ. જથી મેક ઈન ઈન્ડિયાની શરૂઆત કરવામાં આવી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે રેલવેને આધુનિક બનાવવા માટે અમે પ્રયાસ કરી રહ્યા છીએ. ૫૦ શહેરોમાં મેટ્રો ટ્રેન દોડાવવાની અમારી યોજના છે. શંઘાઈના નેતાઓ સાથે બેઠક પણ કરી હતી.

આજે મોંગોલિયન સંસદને સંબોધન કરશે

૨૧મી સદી એશિયાની જ રહેશે : મોદીએ દાવો કર્યો

શાંઘાઈ,તા. ૧૬

વડાપ્રધાન ચીનની ઐતિહાસિક યાત્રાને સમેટી લીધા બાદ મોડેથી મોંગોલિયા જવા રવાના થઈ ગયા હતા. મોદીએ રવાના થતાં પહેલા કહ્યું હતું કે, ૨૧મી સદી એશિયાની રહેશે. ભારત અને ચીન સાથે મળીને વિશ્વની ઘણી સમસ્યાઓને ઉકેલી શકે છે. સમગ્ર વિશ્વ માટે ઘણા સારા કામ કરી શકે છે. ભારત અને ચીન એક તૃતિયાંશ વસ્તી વિશ્વની ધરાવે છે. વિશ્વની નજર ભારત અને ચીન ઉપર કેન્દ્રિત થઈ છે. જે સમસ્યાઓ રહેલી છે તે સમસ્યાઓથી બહાર આવવા ભારત અને ચીન સાથે મળીને કામ કરવાની સ્થિતિમાં મદદરુપ બની શકે છે. મોદીએ શાનદાર સ્વાગત બદલ ચીની પ્રમુખ સી જિંગપિંગ અને વડાપ્રધાન લીનો આભાર માન્યો હતો. મોદીએ આજે સંબોધનમાં કહ્યું હતું કે, ચિત્ર બદલાઈ ગયું છે. સમય પણ બદલાઈ ગયો છે. મોંગોલિયામાં રવિવારના દિવસે રજા હોય છે પરંતુ રવિવારના દિવસે પણ મોંગોલિયન સંસદ બોલાવવામાં આવી છે જેમાં તેઓ સંબોધન કરનાર છે. ચીન બાદ મોદી મોંગોલિયા પહોંચી ગયા હતા. જ્યાં મોંગોલિયન સંસદને રવિવારે સંબોધન કરશે. તેઓ મોંગોલિયાની યાત્રા કરનાર પ્રથમ ભારતીય વડાપ્રધાન બની રહ્યા છે. મોંગોલિયન પ્રમુખ સાથે દ્વિપક્ષીય સંબંધો ઉપર વાતચીત કરશે. પરમાણુ ટેકનલોજી, સોલર વિન્ડ એનર્જી, વિમાની સેવા અને અન્ય ક્ષેત્રોમાં પરમાણુ સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરાશે.

શાંઘાઈમાં ભારતીય સમુદાયના લોકોને મોદીનું સંબોધન

શાંઘાઈ,તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ભારતીય સમુદાયના લોકો સાથે પણ વાત કરી હતી. આ ગાળા દરમિયાન મોદી પોતાની વિશેષ અદામાં દેખાયા હતા. મોદીએ તમામ મુદ્દાઓ ઉપર વાત કરતા કહ્યું હતું કે, સમય હવે બદલાઈ ગયો છે. ભારતના લોકોને તમામ લોકો સમ્માનથી જોવા લાગી ગયા છે. એક નવી આશા લોકોમાં જાગી છે. સમગ્ર વિશ્વ કહી રહ્યું છે કે, ભારત સૌથી ઝડપથી વિકસિત થઈ રહેલુ અર્થતંત્ર બની ગયું છે. જો અમે અમારા પોતાના દેશનું સન્માન કરીશું નહીં તો અમારુ કોઈપણ સન્માન કરશે નહીં. લોકોથી લોકોના સંપર્કને વધારવાથી તાકાતને વધારી શકાશે. ભારતમાં જેટલા ચીની લોકો રહે છે તેના કરતા વધુ ભારતીય ચીનમાં રહે છે જેથી ભારતીયોની જવાબદારી મોટી છે. ભારત અંગે

ચીની નાગરિકોને વાકેફ કરવામાં આવે તેવી વાત મોદીએ કરી હતી. મોદીએ એમ પણ કહ્યું હતું કે, બે જુદા જુદા કાર્યક્રમોમાં તેમને યુવા લોકને મળવાની તક મળી છે. મોદીએ ખાતરી આપતા કહ્યું હતું કે, તેમની દરેક ક્ષણો ૧૨૫ કરોડ ભારતીય લોકોને સમર્પિત થયેલી છે. સમર્થકો ભારે ઉત્સાહિત દેખાયા હતા. ઘણા દેશોની યાત્રા કરવા બદલ તેમની ટીકા થઈ રહી છે. જો સખત પરિશ્રમ ગુનો છે તો પોતાના દેશના લોકો માટે આ ગુનો કરવાનો તેમને ગમશે. પૃથ્વી અમારી માતૃભૂમિ છે અને ગ્લોબલ વોર્મિંગથી તેને બચાવવા માટેની જરૂર છે.

ગ્લોબલ વોર્મિંગ એક એવી સ્થિતિ છે જે લોકો દ્વારા જ ઉભી કરવમાં આવી છે. અમે આની સામે લડવા માટે તૈયાર થઈ રહ્યા છીએ.ભારતની સંસ્કૃતિના મહત્વની વાત કરતા મોદીએ કહ્યું હતું કે, ઘણી બધી ભાષાઓ બોલવામાં આવે છે. સમગ્ર વિશ્વ આતંકવાદના કારણે ગ્રસ્ત છે ત્યારે તેને કોણ બચાવશે. વાસુદેવ કુંટુમ્બકમ કહેવતને પાળશે કોણ. આતંકવાદ સામે લડાઈ લડવા માટે અમે તૈયાર છીએ. સમગ્ર વિશ્વ એક પરિવાર છે અને અમે ભાઈઓ છીએ. ભારત અને ચીન વિશ્વમાં એક તૃતિયાંશ વસ્તી ધરાવે છે. એક સાથે મળીને અમે સમગ્ર વિશ્વનું ચિત્ર બદલી શકીએ છીએ. સમગ્ર વિશ્વ આ યાત્રાને ગંભીરતાથી અને નજીકથી જુએ છે. ચીનમાં શાનદાર સ્વાગત બદલ મોદીએ ચીની વડાપ્રધાન અને પ્રમુખનો આભાર માન્યો હતો. પ્રગતિની નવી ઉંચાઈ પર ભારત ચીન પહોંચી રહ્યા છે. તેમની ટિકા કરવાનો તમામને અધિકાર છે પરંતુ શંકા કરવાની બાબત યોગ્ય નથી. મોદીએ પોતાના ભાષણની શરૂઆતમાં લોકસભાની ચૂંટણીની પણ વાત કરી હતી અને કહ્યું હતું કે, દેશના લોકો પોતાના ભાગ્યને બદલવા માટે પહેલાથી જ નક્કી કરી ચુક્યા હતા. વિરોધ પક્ષોની ઝાટકણી કાઢતા મોદીએ કહ્યું હતું કે, લોકો કહેતા હતા કે મોદીને કોણ જાણે છે. ગુજરાતની બહાર મોદીને કોણ ઓળખે છે. વૈશ્વિક પડકારને પહોંચી વળવામાં તેઓ સફળ થશે નહીં પરંતુ ભારતીય લોકશાહીની સુંદરતાના કારણે એક ચા વેચનાર વ્યક્તિ વડાપ્રધાન બની શકે છે. સ્વાર્થી કારણોસર ખોટા નિર્ણય લેવા કોઈપણ વ્યક્તિ તેમના ઉપર આક્ષેપ કરવાની સ્થિતિમાં નથી. દેશના લોકોની અપેક્ષાઓને પૂર્ણ કરવામાં તેઓ એક પણ તક છોડશે નહીં. ગયા વર્ષે આજ દિવસે લોકો દુખ ભરે દિન બીતે રે ભૈયા સુખ ભરે દિન આયો રે ગીત ગાતા નજરે પડ્યા હતા. ભારતીય સમુદાયને સંબોધન વેળા ૫૦૦૦થી પણ વધુ લોકો એકત્રિત રહ્યા હતા. લોકસભાની ચૂંટણીના પરિણામ જાણવા અહીં પણ તમામ લોકો ઉત્સુક હતા. આજે શાંઘાઈમાં તેમની સમક્ષ મિની ઈન્ડિયા હાજર છે.

ઈપીએફઓ : ૩૦ના બદલે ૨૦ દિવસમાં ક્લેઈમનો નિકાલ થશે

નવી દિલ્હી,તા. ૧૬

ઈપીએફઓમાં હવે ક્લેઈમનો નિકાલ ૩૦ દિવસના બદલે ૨૦ દિવસમાં જ કરી દેવામાં આવશે. કેટલાક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા છે. આવનાર દિવસોમાં આનો સીધો ફાયદો થશે. દેશના શ્રમ પ્રધાને ઈપીએફઓ સાથે જોડાયેલા કેટલાક મહત્વના નિર્ણય કર્યા છે. ખાતાધારકો માટે સૌથી મહત્વપર્ણ નિર્ણય કરીને શ્રમ પ્રધાને ક્લેઈમનો નિકાલ લાવવા માટેની અવધિને ૩૦ દિવસથી ઘટાડીને ૨૦ દિવસ સુધી કરી દીધી છે. આ

ઉપરાંત જે ૨૭૦૦૦ કરોડ રૂપિયા કોઈ પણ ક્લેઈમ વગર પડેલા છે તેને બંધ કરવાની અપીલ કરવામાં આવી છે. આ ઉપરાંત ઈપીએફઓ પોતાના કોર્પસ પૈકી પાંચ ટકા રકમ ઈક્વિટી માર્કેટમાં રોકવા માટે તૈયાર છે. આ તમામ નિર્ણયથી ખાતાધારકોને ફાયદો થશે. સાથે સાથે સંગઠનને પણ રાહત થશે. ઈપીએફઓના કમીશ્નર કેકે જાલાને કહ્યું છે કે શ્રમ પ્રધાને કેટલાક ઉપયોગી નિર્ણય કર્યા છે. પ્રધાને ઈપીએફઓ કોર્પસના પાચં ટકાહિસ્સાને ઈટીએફ રૂટથી બજારમાં મુકવા માટેની મંજૂરી આપી દેવામાં આવી છે. આ વર્ષે માત્ર ઈટીએફ રૂટથી જ રોકાણ કરવામાં આવનાર છે. ઈપીએફઓ ના ટ્રસ્ટીની હાલમાં બેઠક યોજાઈ હતી. ૩૧મી માર્ચના દિવસે બેઠક યોજાઈ હતી. જેને લઈને ૨૩મી એપ્રિલના દિવસે જાહેરનામુ જારી કરવામા આવ્યું હતુ. ઈપીએફઓ આ વર્ષે ઈટીએફ રુટથી ૬૦૦૦થી ૭૫૦૦ કરોડ રૂપિયાનું રોકાણ ઈક્વિટી માર્કેટમાં કરશે.

સાથે સાથે સરકાર ૧૦૦૦ રૂપિયાની લઘુત્તમ પેન્શન પણ જારી કરશે જેનાથી ૧૯ લાખથી વધુ લોકોને સીધો ફાયદો થશે. ઈપીએફઓના આઠ કરોડથી વધારે ખાતામાં ક્લેઈમ વગર પડેલા ૨૭૦૦૦ કરોડ રૂપિયાના સંદર્ભમાં ઈપીએફઓના કમિશનર જાલાને કહ્યું હતુંકે, આમાંથી ૨.૫ કરોડ ખાતામાં માત્ર એક વખત રકમ જમા થઈ છે અને અમે કેન્દ્ર સરકાર પાસેથી આને બંધ કરવાની ભલામણ કરી રહ્યા છે. આવા ખાતાથી ક્લેઈમ કરવા માટે સરકાર આગામી મહિનાથી યુનિવર્સલ એકાઉન્ટ નંબર ફરજિયાત કરશે. શ્રમ મંત્રીએ ક્લેઈમ સેટલમેન્ટ માટે જરૂરી અવધિ ૩૦ દિવસથી ઘટાડીને ૨૦ દિવસ કરી દીધી છે.

પેટ્રોલ-ડિઝલમાં વધારા બદલ મોદીની ઝાટકણી

નવીદિલ્હી,તા. ૧૬

કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજયસિંહે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જોરદાર ટિકા કરી હતી. સાથે સાથે એનડીએ સરકારની પણ ઝાટકણી કાઢી હતી. પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ભાવ વધારા બદલ સરકારની ટિકા કરવામાં આવી હતી. મે મહિનામાં બીજી વખત પેટ્રોલ ડિઝલની કિંમતમાં કમરતોડ વધારો કરવામાં આવ્યો છે. ટ્વિટર ઉપર સિંહે કહ્યું હતું કે, મોદી સરકારને એક વર્ષ પૂર્ણ થયું છે. પેટ્રોલ ડિઝલના ભાવમાં પણ વધારો થયો છે. સરકારને એક વર્ષ પૂર્ણ થતાં મોદીએ અમને આ ભેટ આપી છે. એક વર્ષમાં આઠમી વખત પેટ્રોલ ડિઝલની કિંમતમાં વધારો કરાયો છે. અત્રે નોંધનીય છે કે, તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકો ઉપર આજે વધુ બોજ ઝીંકાયો હતો. પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વેટ અને સેલટેક્સ સિવાય ક્રમશઃ ૩.૧૩ અને ૨.૭૧ રૂપિયા પ્રતિલીટરમાં વધારો ઝીંકી દેવામાં આવ્યો હતો. આ મહિનામાં રેટમાં બીજી વખત કમરતોડ વધારો ઝીંકવામાં આવ્યો છે. ગુજરાતમાં આ વધારો આના કરતા પણ વધારે રહેશે.

કેજરીવાલના વિરોધ છતાં ગામલીને હોદ્દો સંભાળ્યો

નવીદિલ્હી,તા. ૧૬

દિલ્હીના લેફટી ગવર્નર નજીબજંગ અને મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ વચ્ચે ખેંચતાણ આજે વધુ ગંભીર બની ગઈ હતી. કારણ કે અધિકારી શકુંતલા ગામલીને કાર્યકારી ચીફ સેક્રેટરી તરીકેનો હવાલો સંભાળી લીધો હતો. એએપી સરકાર દ્વારા આ હોદ્દો ન સ્વીકારવાની સૂચના આપી હતી છતાં ગામલીને સત્તા સંભાળી લીધી છે. એએપી સરકારનો આક્ષેપ છે કે, એલજી મારફતે સરકાર સામે બળવો કરવાના પ્રયાસ ભાજપ દ્વારા હાથ ધરવામાં આવ્યા છે. લોકશાહીરીતે ચુંટાયેલી એએપી સરકાર સામે બળવો કરવાના પ્રયાસ ચાલી રહ્યા છે. ગામલીને આ હોદ્દો વિધિવતરીતે સંભાળી લીધો હતો. અગાઉ કેજરીવાલે પત્ર લખીને તેમને આ હોદ્દો ન સ્વીકારવા માટે કહ્યું હતું અને તેમની નિમણૂંક નિયમોની વિરુદ્ધમાં છે. દિલ્હી સરકારની વિરુદ્ધમાં નજીબજંગે દિલ્હીના ચીફ સેક્રેટરી ગામલીનની નિમણૂંક કરી હતી. કેજરીવાલ દ્વારા જોરદાર વિરોધ છતાં તેમની ચીફ સેક્રેટરી તરીકે નિમણૂંક કરી દેવામાં આવી હતી. એવો આક્ષેપ કરાયો છે કે, ગામલીન બીએસઈએસ ડિસ્કોમ સાથે નજીકના સંબંધ ધરાવે છે. ૧૯૮૪ના બેચના ઓફિસરે આ આક્ષેપને રદિયો આપ્યો છે અને કહ્યું છે કે, આ આક્ષેપો બિલકુલ આધાર વગરના છે. ચીફ સેક્રેટરી કેકે શર્માએ કહ્યું છે કે, અંગત આક્ષેપો તેમના ઉપર કરવામાં આવી રહ્યા છે.

ગામલીન હાલમાં પાવર સેક્રેટરી તરીકે સેવા આપી રહ્યા છે. ભાજપે દિલ્હીના એલજી મારફતે લોકશાહીરીતે ચૂંટાયેલી સરકાર સામે બળવો કરવાના પ્રયાસો હાથ ધર્યા છે. દિલ્હી સરકાર રાજ્યના ઈતિહાસમાં હજુ સુધીની સૌથી પ્રચંડ બહુમતિ ધરાવે છે. પ્રથમ વખત એલજી દ્વારા અધિકારીઓને સીધા આદેશો જારી કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી અને પ્રધાનમંડળની બાબતોની નોંધ લેવામાં આવી નથી. દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયા દ્વારા આજે આ મુજબના આક્ષેપો કરવામાં આવ્યા હતા. દરમિયાન અરવિંદ કેજરીવાલને ટેકો આપનાર પરિમલ રાયે કાર્યકારી ચીફ સેક્રેટરી બનવાનો ઈન્કાર કર્યો હતો અને કહ્યું હતું કે, તેઓ દિલ્હીના એલજીના આદેશને માન આપે છે.

યુવરાજ, સહેવાગને વધુ એક તક આપવા સક્રિય વિચારણા

નવી દિલ્હી,તા. ૧૬

બાંગ્લાદેશ સામે રમાનારી શ્રેણી માટે ટીમની પસંદગી ૨૦મી મેના દિવસે કરવામાં આવનાર છે ત્યારે પ્રાપ્ત માહિતી મુજબ યુવરાજ સિંહ,વિરેન્દ્ર સહેવાગ અને ઝહીર ખાનને અંતિમ તક આપવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. કેટલાક ટોચના ખેલાડીઓને આરામ આપીને આ અનુભવી ખેલાડીઓને તક આપવામાં આવી શકે છે. ટીમ ઈન્ડિયામાંથી લાંબા સમયથી સિનિયર ખેલાડીઓ બહાર રહ્યા છે. બીસીસીઆઈ આગામી મહિને બાંગ્લાદેશના પ્રવાસ ઉપર આ ખેલાડીઓને મોકલીને વિદાય આપે તે માનવામાં આવે છે. આ ખેલાડીઓમાં ઝહીર ખાન અને હરભજનસિંહનો પણ સમાવેશ થાય છે. એક સમય એવો હતો ત્યારે સહેવાગ, ઝહીર અને હરભજન વગર ટીમની કલ્પના કરવાની બાબત મુશ્કેલરૂપ હતી. ચારેય ખેલાડીઓએ ભારતને ૨૦૧૧માં વર્લ્ડકપ જીતાડવામાં ચાવીરુપ ભૂમિકા ભજવી હતી. એક અગ્રણી અંગ્રેજી અખબારના જણાવ્યા મુજબ બીસીસીઆઈ સહેવાગ, ઝહીર, યુવરાજને આગામી મહિનામાં બાંગ્લાદેશ સામે રમાનારી શ્રેણીમાં તક આપવા વિચારી રહી છે.

ઉંચા પગાર ઉપર યુવા પ્રોફેશનલોને લેવાશે

ટુંકમાં નિતી આયોગમા યંગ પ્રોફેશનલોની ભરતી કરાશે

નવી દિલ્હી,તા. ૧૬

નીતિ આયોગ ઉંચા પગાર ઉપર યુવા અને કુશળ પ્રોફેશનલોની ભરતી કરવાની યોજના ધરાવે છે. મિડલેવલ અધિકારીઓની સંખ્યા ઓછી કરીને એન્ટ્રી લેવલ ઉપર યુવા પ્રોફેશનલોને સામેલ કરીને પોતાના વર્કફોર્સને વધારવાની નીતિ આયોગની યોજના તૈયાર થઈ ચુકી છે. જંગી પગાર વધારા સાથે તેમની ભરતી કરવામાં આવનાર છે. ગયા વર્ષે નીતિ આયોગમાં યુવા પ્રોફેશનલોની સંખ્યા ૬૦ નક્કી કરવામાં આવી હતી તે વખતે ભરતીની પ્રક્રિયા સેન્ટ્રલાઈઝ્ડ હતી અને જુદી જુદી ડિવિઝનોના આધાર પર વર્ષમાં બે વખત ભરતીની પ્રક્રિયા કરાતી હતી. સુધારવામાં આવેલી માર્ગદર્શિકા બાદ એક સપ્તાહની અંદર નવી સરકાર આવ્યા બાદ આ વર્ષે પહેલી જાન્યુઆરી સુધી યોજના પંચની રચના કરવામાં આવી ન હતી. આવનાર દિવસોમાં નીતિ આયોગની ભૂમિકા વધશે. આના મારફતે વર્કફોર્સને વધારી દેવાની પણ નિતી આયોગની યોજના રહેલી છે. સીઈઓ સિન્ધુ ખુલ્લરના નેતૃત્વમાં આયોગની ફેરરચના સમિતી ટુક સમયમાં જ નવી ભરતીની પ્રક્રિયાને અંતિમ રૂપ આપી દેવામા આવનાર છે. સાથે સાથે ઉચ્ચ પગાર પર યુવા પ્રોફેશનલોને હાયર કરવા માટે નવી માર્ગદર્શિકા પણ જારી કરવામાં આવનાર છે. સુધારવામાં આવેલી નવી માર્ગદર્શિકામાં યુવા પ્રોફેશનલોને ૨૦ ટકા વધારે પગાર સાથે આયોગમાં ભરતી કરવામાં આવનાર છે. ભરતી માટે મહતમ વય ટુંક સમયમાં જ નક્કી કરવામાં આવનાર છે. વર્ષ ૨૦૧૪માં યુવા પ્રોફેશનલ માટે તત્કાલીન યોજના આયોગે માર્ગદર્શિકામાં સુધારો કર્યો હતો. આના આશરે એક વર્ષ બાદ હવે નિતી આયોગ દ્વારા પગલા લેવામાં આવ્યા છે. એક વરિષ્ઠ અધિકારીએ કહ્યુ છે કે આયોગના અધિકારીની એક ટીમ આયોગમાં યુવા ભરતી માટે પુલ તૈયાર કરવા માટે માર્ગદર્શિકા પર કામ કરી રહી છે. અધિકારીએ નામ જાહેર નહી કરવાની શરતે કહ્યુ છે કે આયોગની નવી રચનામાં વાઈપી એક મહત્વનો હિસ્સો રહેશે. અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે મિડ લેવલ સ્ટાફની સંખ્યાને ઘટાડી દેવા અને એન્ટ્રી લેવલના વર્કસની સંખ્યા વધારે વધારવાની યોજના છે.